મોદીરાજમાં કોમવાદનો ખેલાતો ખતરનાક ખેલ : સોનિયા

નવીદિલ્હી,તા. ૯

યુપીએના ચેરમેન સોનિયા ગાંધીએ આજે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ભાજપ દ્વારા ખતરનાક બનાવટી રમત રમવામાં આવી રહી છે. મૂળભૂતરીતે કોંગ્રેસ સરકાર વેળા શરૂ કરવામાં આવેલી સામાજિક કલ્યાણની યોજનાઓ સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. આક્રમક માર્કેટિંગ નીતિ અપનાવીને અગાઉની સરકાર વેળા શરૂ કરવામાં આવેલી યોજનાઓને ફરીથી નવા નામ સાથે શરૂ કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કોંગ્રેસ વડા મથક ખાતે મુખ્યમંત્રીની પરિષદને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, ભાજપના શાસન હેઠળ સત્તાના અભૂતપૂર્વ વિકેન્દ્રીકરણની સ્થિતિ સર્જાઈ છે. એક બાજુ વડાપ્રધાન પોતે ગુડગવર્નન્સના ચેમ્પિયન તરીકે પોતાને ગણાવી રહ્યા ત્યારે બીજી બાજુ કોમવાદી સૂચનો કરવા માટે તેમના સાથીઓને મોદીએ છુટો દોર આપી દીધો છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, ભાજપ સરકાર સંસદની અવગણના કરીને જાણી જોઈને આગળ વધી રહી છે. સિવિલ સોસાયટી અને ન્યાય તંત્ર સામે ગંભીર ખતરો ઉભો થઈ ગયો છે. હાલમાં ખતરનાક બનાવટી રમત રમવામાં આવી રહી છે. સોનિયા ગાંધીએ કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને સાવધાન રહેવાની સલાહ આપીને લોકોના હિતમાં અને કેન્દ્ર સરકાર સાથે નજીકના સહકાર સાથે કામ કરવા અપીલ કરી હતી. યુપીએના વડાએ કહ્યું હતું કે, એક મુખ્યમંત્રી તરીકે રાજ્યના લોકોના હિતમાં કેન્દ્ર સાથે મળીને કામ કરવામાં આવે તે ખુબ જરૂરી છે પરંતુ એક કોંગ્રેસી સભ્ય તરીકે મોદી સરકાર સામે અમે લડત ચલાવવા કટિબદ્ધ છીએ. લોકોના હિતની વિરુદ્ધમાં જ્યારે કોઈ કામ થાય ત્યારે તેની સામે લડત ચલાવવામાં આવે તે જરૂરી છે. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, અમારા ચૂંટણી ઢંઢેરાની પ્રગતિ તરફ ધ્યાન આપવાની પણ જરૂર છે.

અમારા રાજ્ય માટે કેન્દ્ર તરફથી જરૂરી સહકાર મળે તે ખુબ જરૂરી છે. આજે અમને કેન્દ્ર દ્વારા યુપીએ સરકારની સ્કીમોને રદ કરવાના મુદ્દા ઉપર ચર્ચા કરવાની જરૂર છે. એનડીએની નીતિઓનો કઈરીતે જવાબ આપવામાં આવે તેનો સમય છે. કોંગ્રેસ પ્રમુખે કહ્યું હતું કે, મુખ્યમંત્રી તરીકે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓની એવી સામાજિક જવાબદારી છે કે પક્ષના કાર્યકરોમાં નવો પ્રાણ ફૂંકવામાં આવે. વહીવટીતંત્રથી લોકો સંતુષ્ટ રહે તે જરૂરી છે. સોનિયા ગાંધીએ ભાજપ સરકારની જોરદાર ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, સહકાર અને સર્વસંમતિ માટે સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેને જાળવી રાખવા જવાબદારી કેન્દ્રની છે. સોનિયા ગાંધીએ એક પછી એક આક્ષેપો મોદી સરકાર ઉપર કર્યા હતા. આ બેઠકમાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણામંત્રી ચિદમ્બરમે પણ સંબોધન કર્યું હતું.

દિલ્હીના કાયદા મંત્રી તોમરની ધરપકડ

બનાવટી ડિગ્રી કેસના સંદર્ભમાં તોમરની ધરપકડ બાદ મોદી સરકાર ઉપર એએપીના સીધા આક્ષેપ : મામલો અંતે કોર્ટમાં પહોંચ્યા બાદ તર્કદાર દલીલો : ચાર દિવસના રિમાન્ડ : દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારને મોટો ફટકો પડ્યો

નવીદિલ્હી,તા. ૯

અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એએપી સરકારને આજે મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં દિલ્હીના કાયદા પ્રધાન જીતેન્દ્રસિંહ તોમરની બનાવટી ડિગ્રી કેસના સંદર્ભમાં ધરપકડ કરી લેવામાં આવ્યા બાદ તેમને ચાર દિવસ માટે પાટિયાલા કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યા હતા. દિલ્હીના કાયદા પ્રધાનની ધરપકડ કરાયા બાદ રાજકીય વર્તુળોમાં પણ જોરદાર ચર્ચા રહી હતી. દિલ્હીના કાયદા પ્રધાન તોમરની રિમાન્ડ અરજી ઉપર તરત જ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. શરૂઆતમાં ૧૫ મિનિટ માટે ચુકાદો અનામત રખાયો હતો. તોમર તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલની સાથે અન્ય ત્રણ વકીલો પણ ઉપસ્થિત રહ્યા હતા જેમાં જણાવવામાં આવ્યું હતું કે, પોલીસે આ કેસમાં પક્ષપાતીરીતે વર્તન કર્યું છે. કોર્ટના પ્રશ્નનો જવાબમાં પોલીસે કહ્યું હતું કે તોમરની તરત જ ધરપકડ કરવાની જરૂર હતી. કારણ કે તેઓ પ્રભુત્વ ધરાવનાર વ્યક્તિ છે અને પુરાવા સાથે ચેડા કરી શક્યા હોત. દિલ્હી પોલીસે જોરદાર કાર્યવાહી કરતા ખળભળાટ મચી ગયો હતો. તેમની ધરપકડ બાદ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. બીજી બાજુ તેમની ધરપકડ બાદ બેઠકોનો દોર શરૂ થયો હતો. તેની ધરપકડ સામે જીતેન્દ્રસિંહે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, કાયદાની ડિગ્રીમાં છેતરપિંડીના મામલામાં જીતેન્દ્રસિંહ તોમરની ધરપકડ કરવામાં આવી હતી. એએપીએ આને લઈને વાંધો ઉઠાવ્યો હતો. ૪૯ વર્ષીય તોમર ત્રિનગરમાંથી ધારાસભ્ય તરીકે છે અને પ્રથમ વખત પ્રધાન બન્યા છે. તેમની ધરપકડ એવા સમયે કરવામાં આવી છે ત્યારે એએપી સરકાર અને લેફ્ટી ગવર્નર નજીબ જંગ વચ્ચે જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. બિહારમાં યુનિવર્સિટીમાંથી લોની ડિગ્રી હોવાનો દાવો કરનાર તોમરની ડિગ્રી અંગે હરીફ પક્ષોએ આક્ષેપ કર્યો હતો કે, તેમની પાસે બોગસ ડિગ્રી છે. તેમને તેમના આવાસ પરથી પકડી લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ પુછપરછ માટે વસંતવિહાર પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. બનાવટી ડિગ્રી કેસના સંદર્ભમાં તેમની ધરપકડ કરાઈ છે જેમાં એફઆઈઆર હોઝખાસ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે રાત્રે નોંધવામાં આળી હતી. તેમના ઉપર છેતરપિંડી, ફોજદારી, ફોજદારી કાવરતાનો આક્ષેપ મુકાયો છે. તેમની પાસે જે ડિગ્રી છે તે બોગસ છે તેમાં તપાસ કરવા હાઈકોર્ટના આદેશ પર પોલીસ ટીમ બિહાર પણ ગઈ હતી. જીતેન્દ્રસિંહની ધરપકડ બાદ એએપીના નેતા સંજય સિંહે દિલ્હી સરકાર સામે દબાણની નીતિનો કેન્દ્ર ઉપર આક્ષેપ કર્યો હતો. આશુતોષે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈશારે કાવતરુ ઘડવામાં આવ્યું છે.

તિહાર જેલની સ્થિતિ ટાઈમ બોમ્બ જેવી જ બની ચુકી છે

નવી દિલ્હી,તા. ૯

તિહાર જેલ આજે ટાઈમ બોમ્બ બની ચુકી છે. જેલમાં ૨૦થી વધારે ખુબ ખતરનાક ગેંગ સક્રિય થઈ ચુકી છે. પૈસા આપવાની સ્થિતીમાં આ ગેંગના સભ્યો મોબાઈલ, કુલર, પોર્ન અને જાતિય સતામણીતી તમને બચાવી શકે છે. એટલુ જ નહી બલ્કે જેલની અંદર અને બહાર હત્યા સુધીના કાવતરા તૈયાર કરે છે. ગયા મહિનામાં તિહાર જેલ નંબર એકમાં હિંસક ગેંગવોરની સ્થિતી સર્જાઈ હતી. છ કેદીના એક ગ્રુપે હરિફ ગેંગના સભ્યો પર બ્લેડ્સ અને ચમચીઓથી હુમલો કરી દીધો હતો. બ્લેડ્સ અને ચમચીથી બનાવી લેવામાં આવેલા ઘાતક હથિયારોનો ઉપયોગ કરીને હુમલો કરવામાં આવ્યા બાદ જેલના અધિકારીઓમાં પણ દહેશત ફેલાઈ ગઈ હતી. ૧૦ મિનિટ સુધી હિંસક અથડામણનો દોર ચાલ્યો હતો. આખરે આ લોકોએ પોતાના ટારગેટને ગંભીરરીતે ઘાયલ કરી દીધો હતો ત્યારબાદ તેનુ મોત પણ થયું હતુ.ત્રણ હુમલાખોરો પણ ગંભીરરીતે ઘાયલ થયા હતા. આ ખુન ખરાબો ચવન્ની અને બીડી ગેંગ વચ્ચે ચાલી રહેલી લડાઈમાં બન્યો હતો. આ બન્ને ગેંગ વચ્ચે નંબર વન બનવાની લડાઈ ચાલી રહી છે. તિહાર જેલમાં છેલ્લા ૧૫ દિવસમાં ચોથી વખત અને ચાર મહિનામાં ૧૭મુ મોત થયુ ંહતુ. આ ચોંકાવનારા આંકડા એશિયાની સૌથી મોટી જેલમાં રહેલી સુરક્ષા પર પણ ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. પહેલા આ પ્રકારની સ્થિતી ન હતી. તિહારમાં જેલ સુધારના કેટલાક કામો હાથ ધરવામાં આવ્યા છે. હાલમાં તિહાર જેલમાં ખતરનાક ગેંગ સક્રિય થઈ ચુકી છે. સુત્રોનું કહેવું છે કે, હવે જેલની સ્થિતિ ખુબ ખરાબ થઈ ચુકી છે. આની ક્ષમતા ૬૨૫૦ કેદીઓની છે પરંતુ ૧૪૦૦૦થી પણ વધુ કેદીઓ અહીં રહે છે. અન્ડરટ્રાયલ અને સજા મેળવી ચુકેલા કેદીઓની ગેંગ હવે બાકી કેદીઓ ઉપર કન્ટ્રોલ કરી રહી છે. જેલની સ્થિતિ ટાઈમ બોંબ જેવી થઈ ચુકી છે જે કોઈપણ સમયે ફાટી શકે છે. તિહાર જેલની અંદર ૨૦ મુખ્ય ગેંગ અને ૩૦ નાની મોટી ટોળકી ચાલી રહી છે. આ વર્ષે સૌથી વધારે રક્તપાત સર્જાયો છે. મોબાઈલ ફોનનો ગેરકાયદે કારોબાર પણ થયો છે.

મુસ્લિમ સમુદાયના વિરોધ બાદ નિર્ણય કરાયો

યોગ દિને કાર્યક્રમોમાંથી સુર્યનમસ્કાર હવે આઉટ

નવી દિલ્હી,તા. ૯

કેન્દ્ર સરકારે ૨૧મી જુનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે આયોજિત કાર્યક્રમોમાંથી વિરોધ બાદ સુર્યનમસ્કારને પડતો મુકી દેવાનો નિર્ણય કર્યો છે. કોઈ પણ વિવાદ વગર યોગ દિવસ સફળ અને શાનદારરીતે મનાવાય તે દિશામાં આગળ વધીને આ નિર્ણય કરવામાં આવ્યો હોવાના અહેવાલ મળ્યા છે. મુસ્લિમ સંગઠનો દ્વારા સુર્યનમસ્કારને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. શૈક્ષણિક સંસ્થાઓમાં આને ફરજિયાત બનાવી દેવાની કવાયત સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ હાથ ધરવાની જાહેરાત કરીને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે માંગ કરી હતી કે સ્કુલોમાં સુર્યનમસ્કારને ફરજિયાત કરવાના આદેશને રદ કરવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ ૨૧મી જુનના દિવસે આયોજિત કાર્યક્રમને સફળ બનાવી દેવા તમામ તૈયારી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. દિલ્હીના રાજપથ ખાતે આયોજિત યોગ કાર્યક્રમમાં દેશભરમાંથી ૪૦,૦૦૦ લોકો પહોંચે તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે આમાં ભાગ લેનાર છે. આયુષ પ્રધાન શ્રીપદ નાયકે કહ્યું છે કે આ કાર્યક્રમ સમગ્ર દેશમાં એક સાથે સવારે સાત વાગ્યાથી ૭.૩૫ વાગે વચ્ચે યોજાશે. આમાં અમિતાભ બચ્ચન, શિલ્પા શેટ્ટી અને ભારતીય કેપ્ટન વિરાટ કોહલી ભાગ લે તેવી શક્યતા છે. પ્રધાને કહ્યું છે કે ૬૫૧ જિલ્લામાં ફ્રી યોગા કેમ્પ આયોજિત કરવામાં આવનાર છે. આવા ૧૦૦ કેમ્પ દિલ્હીમાં પણ યોજનાર છે. વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજની સાથે નાઈક ખાસ પોર્ટલ લોંચ કરી ચુક્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ૨૧મી જુનને માન્યતા આપી હતી. આ અગાઉ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાચીન શિસ્ત યોગને મનાવવા વિશ્વ સમુદાયને અપીલ કરી હતી. મોદીની અપીલને ત્યારબાદ રેકોર્ડ ૧૭૫ દેશોએ ટેકો આપ્યો હતો. ભારતની આને મોટી રાજદ્વારી જીત તરીકે ગણવામાં આવે છે.

ઝારખંડ : પોલીસ એન્કાઉન્ટરમાં ૧૨ માઓવાદી અંતે ઠાર મરાયા

રાંચી,તા. ૯

ઝારખંડના પલામુ જિલ્લામાં પોલીસ સાથે આજે ભીષણ અથડામણ થઈ હતી. જેમાં ૧૨ માઓવાદીઓ ઠાર થઈ ગયા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો જપ્ત કરવામાં આવ્યો છે. માર્યા ગયેલા તમામ માઓવાદીઓના મૃતદેહ કબજે કરી લેવામાં આવ્યા છે. માર્યા ગયેલા ૧૨ માઓવાદીઓમાં ચાર બાળકોનો પણ સમાવેસ થાય છે. પલામુ પોલીસ અને કોબ્રા સીઆરપીએફે આ સંયુક્તરીતે ઓપરેશન પાર પાડ્યું હતું જે હથિયારો કબજે કરવામાં આવ્યા છે તેમાં ઈન્સાસ રાઈફલ, ૩૦૦ જીવતા કારતુસનો સમાવેશ થાયછે. માર્યા ગયેલા માઓવાદીઓના નામ તરત જાહેર કરવામાં આવ્યા નથી. માર્યા ગયેલાઓમાં લાતેહાર બોંબ બ્લાસ્ટમાં સામેલ ટોપ માઓવાદી પણ સામેલ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ અધિકારીએ વિગત આપતા કહ્યુ ંછે કે આ ભીષણ અથડામણ આજે વહેલી પરોઢે રાંચીથી આશરે ૧૪ કિલોમીટરના અંતરે સ્થિત બાકોરિયા ગામમાં સર્જાઈ હતી. સુરક્ષા દળ અને પોલીસે સફળ ઓપરેશન પાર પાડ્યું હતુ.

માર્યા ગયેલા માઓવાદીઓની પાસેથી સંખ્યામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ એસએન પ્રધાને કહ્યુ ંહતુ ંકે આ અથડામણ સવારે થઈ હતી. જિલ્લામાં માઓવાદી આવી રહ્યા છે તેવી બાતમી મવ્યા બાદ કોબરા બટાલિયન અને જિલ્લા પોલીસની ટીમ સક્રિય થઈ ગઈ હતી. બે સ્કોર્પિયો કારમાં માઓવાદીઓ જઈ રહ્યા છે તેવી બાતમી મળી હતી અને બાતમી મુજબ જાળ બિછાવવામાં આવ્યા બાદ તેમને શરણાગતિ સ્વીકારવા કહેવામાં આવ્યું હતું. પોલીસ જવાનો અને સુરક્ષા જવાનોને જોઈને માઓવાદી ગાડીમાંથી ઉતરી ગયા હતા અને જોરદાર ગોળીબાર સુરક્ષા દળ પર શરૂ કરી દીધો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા ૧૨ બળવાખોરો ઠાર થયા હતા. પ્રધાને કહ્યુંહતુંકે તમામ બળવાખોરો બે વાહનમાં હતા. એક વાહનમાં રહેલા બળવાખોરો ફરાર થઈ ગયા હતા જ્યારે બીજા વાહનમાં રહેલા માઓવાદી તેમના વાહનમાંથી નીચે ઉતરીને ગોળીબાર કરી રહ્યા હતા. ઘટનાસ્થળથી મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા છે. જેમાં કેટલાક ઘાતક હથિયારો પણ સામેલ છે.

ગયા વર્ષે ૨૦મી એપ્રિલના દિવસે ડુમકામાં પોલીસ વાહન પર માઓવાદી દ્વારા છુપો હુમલો કરવામાં આવ્યા બાદ ઝારખંડમાં આ સૌથી મોટો હુમલો હતો. લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં કામગીરી પૂર્ણ કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે પોલીસ કાફલા પર ગયા વર્ષેએપ્રિલમાં હુમલો કરવામાં આવ્યો હતો. એ હુમલામાં છ પોલીસ જવાન સહિત આઠ લોકો માર્યા ગયા હતા. ઝારખંડમાં મોટા પાયે માવોદી સક્રિય થયેલા છે. માઓવાદીઓ હપ્તા વસુલી માટે જઈ રહ્યા હતા. કેટલાક બીડી પટ્ટાના કોન્ટ્રાક્ટરોને ધમકી પણ તેઓ આપી ચુક્યા હતા. માર્યા ગયેલા ચાર બાળકોને લઈને પ્રશ્નો ઉભા થયા છે. માઓવાદીઓ ઝારખંડ, બિહાર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં સક્રિય રહ્યા છે અને વારંવાર તક મળતાની સાથે જ સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરે છે પરંતુ આજે માઓવાદીઓને મોટો ફટકો પડ્યો હતો.

ટ્રેનને રોકવા ટ્રેનમાં હવે ચેઈન ઈતિહાસ બનશે

બરેલીમાં ઈજ્જતનગર ખાતેના વર્કશોપમાં કામગીરી શરૂ : ચેઈન બદલે ડ્રાઈવર, આસી ડ્રાયવરના મોબાઈલ

બરેલી, તા. ૯

ટ્રેનની અંદર ટુ સ્ટોપ ટ્રેન પુલ ચેઈન એટલે કે ટ્રેનને રોકવા માટે ચેઈન ખેંચો લખેલું હોય છે અને તેની સાથે જોડાયેલી એક ચેઈન પણ હોય છે. હવે રેલવે મંત્રાલયે આ ચેઈનને જ દૂર કરી દેવાનો નિર્મય કર્યો છે. આનો મતલબ એ થયો કે, રેલવે ટ્રેનની અંદર ટ્રેનને રોકવા માટેની ચેઈન હવે ઈતિહાસ બની જશે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે, રેલવેને આના કારણે ત્રણ હજાર કરોડનું નુકસાન થઈ ચુક્યું છે. કોઈપણ માન્ય કારણવગર પણ ઘણા યાત્રીઓ ચેઈન ખેંચીને ટ્રેનને રોકી દે છે જેના પરિણામ સ્વરુપે ટ્રેન મોડી પડે છે. હવે બરેલીમાં ઈજ્જતનગર ખાતે ટ્રેનોમાંથી ચેઈનને દૂર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. અધિકારીઓનું કહેવું છે કે, વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ડ્રાયવર અને આસીસ્ટન્ટ ડ્રાયવરના મોબાઈલ ફોન નંબર કોચમાં ડિસ્પ્લે થશે જેથી યાત્રીઓ ઈમરજન્સીના કેસમાં કોલ કરી શકશે. નોર્થ ઈસ્ટર્ન રેલવેના જનસંપર્ક અધિકારી રાજેન્દ્રસિંહે માહિતી આપતા કહ્યું છે કે, અલાર્મ ચેઈન નવા કોચમાં ગોઠવવામાં આવશે નહીં. દેશભરમાં રેલવે કોચ ફેક્ટરીમાં હવે જે નવા કોચ બની રહ્યા છે તેમાં આ અલાર્મ ચેઈન રહેશે નહીં. રેલવે બોર્ડે પહેલાથી જ જાહેરનામુ જારી કરીને આ અંગેની સૂચના આપી દીધી છે અને કહ્યું છે કે, ચેઈન ટ્રેનમાં સ્થાપિત કરવામાં આવશે નહીં. પ્રવર્તમાન કોચમાંથી અલાર્મ ચેઈનને દૂર કરવાની કવાયત ચાલી રહી છે. ઈજ્જતનગર રેલવે વર્કશોપ ખાતે ટેકનિશિયનો મેન્ટેનન્સ માટે આવી રહેલા કોચમાંથી અલાર્મ ચેઈનને દૂર કરવામાં લાગેલા છે. ડ્રાયવર અને આસી. ડ્રાયવરના મોબાઈલ ફોન નંબર હવે ડબ્બામાં ડિસ્પ્લે કરવામાં આવશે. એક કર્મચારી પાસે વોકીટોકી રહેશે જે દરેક ટ્રેનમાં દરેક ત્રણ કોચ માટે ઉપસ્થિત રહેશે. સિંગે કહ્યું હતું કે, આ ખુબ જ મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવવાની દિશામાં રેલવે આગળ વધી રહ્યું છે. પોતાના હિત માટે પ્રવાસીઓ વારંવાર ચેઈન ખેંચીને ટ્રેનને રોકી દે છે. ઈમરજન્સીના બદલે સામાન્ય કિસ્સામાં પણ ચેઈન ખેંચવામાં આવે છે. અલાર્મ ચેઈનનો મતલબ ઈમરજન્સીના કેસ માટે હોય છે.

ભારત-બાંગ્લાદેશ વચ્ચે આજથી પ્રથમ ટેસ્ટ મેચ

ઢાકા, તા. ૯

ભારત અને બાગ્લાદેશ વચ્ચે આવતીકાલથી ફતુલ્લામાં નારાયણગંજ ઓસ્માની ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ ટેસ્ટ મેચને લઈને બન્ને ટીમો સંપૂર્ણ પણ તૈયાર છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ શાનદાર દેખાવ કરવા માટે તૈયાર છે. ફિટનેસ ટેસ્ટમાંથી પણ ખેલાડીઓ પસાર થઈ ચુક્યા છે. અમે માનીએ છીએ કે ફિટનેસ એકમાત્ર એવી જગ્યા છે જેમાં ભારતને સુધાર કરવાની જરૂર છે.અત્રે ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશ સામે રમાનારી ટેસ્ટ મેચ માટે ૨૦મી મેના દિવસે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. ભારતીય ક્રિકેટ ટીમમાં પીઢ ઓફ સ્પીનર હરભજનસિંહની અઢી વર્ષના લાંબા ગાળા બાદ ફરીવાર વાપસી થઈ હતી. જ્યારે વન-ડે ટીમ ધોનીના નેતૃત્વમાં જાહેર કરવામાં આવી હતી. ૧૫ સભ્યોની ટેસ્ટ ટીમની જાહેર કરવામાં આવી હતી. ૩૪ વર્ષીય હરભજનસિંહનો દેખાવ હાલમાં ચાલી રહેલા હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ખૂબ સારો રહ્યો હતો જેથી તેને તક મળી

ગઈ હતી. સામીની જગ્યાએ વન-ડે ટીમમાં મુંબઈના મધ્યમ ઝડપી બોલર ધવલ કુલકર્ણીનો સમાવેશ કરાયો હતો. બાંગ્લાદેશ સામે ત્રણ વન-ડે મેચ ક્રમશઃ ૧૮, ૨૧ અને ૨૪મી જુનના દિવસે રમાશે.ભારતીય ટીમ યજમાન ટીમને મુશ્કેલનીમાં મુકી શકે છે કારણ કે ભારતીય ટીમમાં ચેતેશ્વર પુજારા, શિખર ધવન, રોહિત શર્મા મુરલી વિજય જેવા ટેસ્ટ ખેલાડી છે. ચેતેશ્વર પુજારાને પણ તેની કુશળતા સાબિત કરવાની તક રહેલી છે. બોલિંગમાં સ્પીનર વિભાગમાં કોને તક મળે છે તે બાબત ઉપયોગી રહેશે.મેચનુ પ્રસારણ સવારે ૯.૩૦ વાગ્યાથી કરાશે. ભારતીય ટીમ નીચે મુજબ છે.

ટેસ્ટ ટીમ : કોહલી (કેપ્ટન), મુરલી વિજય, શિખર ધવન, રાહુલ, ચેતેશ્વર પુજારા, રહાણે, રોહિત શર્મા, સાહા, અશ્વીન, હરભજન, કરણ શર્મા, ભુવનેશ્વર, ઉમેશ, આરોન, ઈશાંત શર્મા.

બાંગ્લાદેશ ટીમ : મુસફીકર રહીમ (કેપ્ટન) તામીમ ઈકબાલ, અબ્દુલ હસન, ઈમરુલ કેયાસ, જુબેર હુસૈન, લિટોનદાસ, મોહમ્મદ સાહીલ, મોમીનુલ હક, નાસીર હુસૈન, રોબેલ હુસૈન, શાકીબ અલ હસન,સોગતા હોમ, સોમૈયા સરકાર, તાઈજુલ ઈસ્લામ, મહેમુદુલ્લાહ

કેશ ફોર વોટને લઇને દરોડા

રેડ્ડી-અન્ય બેના આવાસ ઉપર એસીબીના દરોડા

હૈદરાબાદ,તા. ૯

તેલંગાણા એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા આજે તેલુગુદેશમ પાર્ટીના ધારાસભ્ય રેવાનાથ રેડ્ડી અને અન્ય બેના આવાસ પર વ્યાપક દરોડા પડ્યા હતા. કેશ ફોર વોટ કૌભાંડના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા.

રેડ્ડી સિવાય અન્ય જે લોકોના આવાસ પર દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં ટીડીપીના ક્રિશ્ચિયન સેલના વડા બિશપ હેરીસ અને રુદ્ર ઉદયનો સમાવેશ થાય છે. ૩૧મી મેના દિવસે એસીબી દ્વારા નોમિનેટેડ ધારાસભ્ય સ્ટીફન્સને લાંચ આપવાના પ્રયાસ બદલ રેડ્ડીની ધરપકડ કરી હતી. તેલંગાણા લેજીસલેટીવ કાઉન્સિલ ઈલેક્શનમાં ટીડીપી ઉમેદવાર માટે મત આપવા લાંચ આપવાના પ્રયાસ કર્યા હતા.સ્ટીફન્સ દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે એસીબીના અધિકારીઓએ તેમની ધરપકડ કરી હતી. એસીબીના જણાવ્યા મુજબ રેડ્ડી અને તેમના સાથીઓ ૫૦ લાખની લાંચની ઓફર એડવાન્સ તરીકે કરી હતી. કુલ પાંચ કરોડની સમજૂતિ કરવામાં આવી હતી. લાંચમાં ફસાઈ ગયા બાદ આને લઈને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ પણ સોમવારે વિખવાદના ઘેરામાં આવી ગયા હતા. તેઓએ તેલંગાણાના સમકક્ષ કેસી ચંદ્રશેખર રાવ ઉપર તેમની સામે કાવતરા ઘડવાનો આક્ષેપ કરાયો હતો.

ગૃહ સચિવ ધરમપાલની બદલીથી ભારે હોબાળો

નવીદિલ્હી,તા. ૯

દિલ્હીમાં લેફ્ટી ગવર્નર નજીબજંગ અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વચ્ચે ખેંચતાણ વધુ તીવ્ર બની ગઈ છે. દિલ્હી સરકારે આજે ગૃહસચિવ ધરમપાલની બદલી કરી હતી જેથી કેજરીવાલ અને નજીબ જંગ વચ્ચેની ટસલ તીવ્ર બની રહી છે. ધરમપાલની બદલી તેઓએ નોટિફિકેશન ઉપર હસ્તાક્ષર કર્યા બાદ કલાકોના ગાળામાં જ કરવામાં આવી હતી. જંગ તરફથી પણ હાલમાં કેટલીક નિમણૂંકો કરવામાં આવી હતી. જંગ તરફથી આદેશ બાદ એસીબીના નવા વડા તરીકે દિલ્હી પોલીસ એમકે મિણાના જોઈન્ટ કમિશનરની નિમણૂંકને લઈને નોટિફિકેશન બાદ તેમની બદલી થઈ હતી. આમ આદમી પાર્ટી સરકારે ધરમપાલને ગૃહ મંત્રાલયને રિપોર્ટ કરવા માટે સૂચના આપી દીધી છે. દિલ્હી સરકારના સૂત્રોએ કહ્યું છે કે, ધરમપાલની બદલી કરવામાં આવી છે. આ અંગેના આદેશ મંજુરી માટેએલજીને મોકલી દેવામાં આવ્યો છે. રાજેન્દ્રકુમાર ગૃહ સેક્રેટરીનો વધારાનો હવાલો સંભાળી રહ્યા છે.

રેવન્યુ સેક્રેટરી અશ્વિનકુમારને સેક્રેટરીનો વધારાનો ચાર્જ આપવામાં આવેલો છે. જંગે ગઈકાલે જ કેજરીવાલની અવગણના કરીને મિણાની નિમણૂંક કરી હતી જેનો એએપી સરકારે જોરદાર વાધો ઉઠાવ્યો હતો. અગાઉ એડિશનલ કમિશનર સ્તરના અધિકારીને એસીબીના વડા બનાવવામાં આવે છે પરંતુ એલજીએ ગઈકાલે એડિશનલ કમિશનરથી તપાસ સંસ્થાના વડાને બઢતી આપી હતી. મિણા હાલમાં નવી દિલ્હી રેંજમાં જોઈન્ટ કમિશનર તરીકે સેવા આપી રહ્યા છે. એલજીના આદેશમાં જણાવવામાં આવ્યું હતું કે, તેઓને એસીબીનો વધારાનો હવાલો સોંપાયો છે. કેજરીવાલ અને જંગ વચ્ચે ખેંચતાણ ૧૫મી મેના દિવસે શરૂ થઈ હતી તે વખતે સેક્રેટરીની નિમણૂંકનો મુદ્દો સપાટી ઉપર આવ્યો હતો. ચીફ સેક્રેટરી અન્ચાર્જ તરીકે શકુંતલા ગામલીનની નિમણૂંક કરાતા ભારે હોબાળો થઈ ગયો હતો.